પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૭૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૦૭-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### શિવસેના કેસમાં સુપ્રીમ કોર્ટ ૧ ઓગસ્ટે ફરી સુનાવણી કરશે,

## મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ સમાપ્ત થયું નથી. ઉદ્ધવ-શિંદે જૂથની દલીલો પર તમામ પક્ષો પાસેથી એફિડેવિટ માગી



મુંબઈ,

મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ હજુ સમાપ્ત થયું નથી. સુપ્રીમ કોર્ટમાં ઉદ્ધવ ઠાકરે અને શિંદે જૂથ દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર આજે સુનાવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરે જૂથ વતી વકીલ કપિલ સિબ્બલ અને શિંદે જૂથ વતી વકીલ હરીશ સાલ્વેએ દલીલો રજૂ કરી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમને સંકેત આપ્યો છે કે આ મામલાની સુનાવણી મોટી બેંચ દ્વારા કરવામાં આવી શકે. ઉદ્ધવ જૂથના વકીલો સીજેઆઈના મંત સાથે સંમત થયા કે આ મામલો બંધારણીય બેંચને મોકલવામાં આવે. સીજેઆઈએ કહ્યું કે અમે આ મામલાને મોટી બેંચને મોકલવાનો આદેશ નથી આપી રહ્યા ખાલી વિચારી રહ્યા છે હવે આ મામલે ૧ ઓગસ્ટે સુનાવણી થશે. આ સાથે તમામ પક્ષકારો પાસેથી એફિડેવિટ પણ માંગવામાં આવી છે.

આ દરમિયાન હરીશ સાલ્વેએ કહ્યું કે તેઓ ઉદ્ધવ જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર એફિડેવિટ દાખલ કરવા માંગે છે. આવી સ્થિતિમાં તેમને તેના માટે એક સપ્તાહનો સમય આપવો જોઈએ. આના પર સીજેઆઈ એનવી રમન અરજીઓના જવાબમાં એફિડેવિટ દાખલ કરવા સંમત થયા. સાલ્વેએ આ દરમિયાન કહ્યું હતું કે હવે અયોગ્યતાની કાર્યવાહી લાગુ પડતી નથી. ગેરલાયકાતની કાર્યવાહી સમગ્ર લોકશાહી પ્રણાલીની વિરુદ્ધ છે. જેની શરૂઆત તત્કાલીન સ્પીકરે કરી હતી. જ્યારે ધારાસભ્યોએ તેમને હટાવવા માટે અવિશ્વાસની દરખાસ્ત આપી હતી.

સુપ્રીમ કોર્ટે સાલ્વેને કહ્યું કે આ રાજકીય રીતે સંવેદનશીલ મામલો છે, સવાલ એ છે કે જો વિભાજન થયું નથી, તો તેની અસર શું છે? આના પર સાલ્વેએ કહ્યું કે આમાં કોઈ અયોગ્યતા નથી. એક વ્યક્તિ જે પોતાના સમર્થનમાં ૨૦ લોકો પણ ન રાખી શકે, તે કોર્ટમાંથી રાહતની આશા રાખી રહ્યો છે. આ દરમિયાન કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે જો આ કેસને મંજૂરી આપવામાં આવશે તો દેશની દરેક ચૂંટાયેલી સરકારને ગબડાવવાનું જોખમ વધી જશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે શિંદે ગ્રૂપ અને ઉદ્ધવ ઠાકરે ગ્રૂપ સામે કોઈ કાર્યવાહી થશે નહીં. આ પછી, રાજ્યપાલ વતી એસજી તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ સાથે સંબંધિત મુદ્દાઓ ઉઠાવતી અરજીઓનો સમૂહ ઘણા બંધારણીય પ્રશ્નો ઉભા કરે છે. આ કારણે સરકાર બદલાઈ. અરજીઓની સુનાવણી ૫ જજોની બેંચ સમક્ષ થવાની જરૂર પડી શકે છે.

ઉદ્ધવ જૂથ વતી હાજર રહેલા કપિલ સિબ્બલે કહ્યું કે, જો રાજ્ય સરકારો ઉથલાવી દેવામાં આવશે તો લોકશાહી જોખમમાં આવશે. સિબ્બલે કહ્યું કે કોઈ રાજકીય પક્ષના સભ્યો જે અચાનક કોઈ કારણસર અલગ થઈ ગયા હોય તેમને દસમી અનુસૂચિમાં કોઈ છૂટ નથી. આવી પરંપરાની શરૂઆત કોઈ પણ રીતે સારી નથી ન માત્ર મહારાષ્ટ્રમાં પરંતુ દેશમાં ક્યાંય પણ.

સિબ્બલે કહ્યું કે ઉદ્ધવ શિવસેના જૂથના ધારાસભ્યોને કોઈ રક્ષણ નથી. તેમણે કહ્યું કે રાજ્યપાલે એકનાથ શિંદેને શપથ લેવડાવ્યા, તેમ છતાં તેઓ જાણતા હતા કે તેમની ગેરલાયકાતનો મામલો હજુ પણ સ્પીકર સમક્ષ પેન્ડિંગ છે. જ્યાં સુધી તે નક્કી ન થાય કે આવા સભ્યો ગેરલાયક છે કે નહીં, રાજ્યપાલ તેમને ગૃહમાં મતદાન કરવાનો અધિકાર આપે છે. સિબ્બલે કહ્યું કે સુપ્રીમ કોર્ટે સ્પીકરની કાર્યવાહી પર સ્ટે મૂકતાની સાથે જ ફ્લોર ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. પક્ષપલટાને રોકવા માટે જે કાયદો બનાવવામાં આવ્યો હતો

અભિષેક મનુ સિંઘવીએ તત્કાલિન ડેપ્યુટી સ્પીકર તરફથી દલીલ કરતા કહ્યું કે એક અનાધિકૃત મેઈલથી ડેપ્યુટી સ્પીકરને એક ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. જેમાં ડેપ્યુટી સ્પીકર પર અવિશ્વાસની વાત કહી. આવા મેઈલને કેવી રીતે સ્વીકારી શકાય? તમે આ ઈમેઈલના આધારે કેવી રીતે કહી શકો કે આ વ્યક્તિનું સ્ટેટસ હવે માન્ય નથી. ૧૦થી વધુ ચુકાદા છે જ્યાં તેને બંધારણીય પાર ગણવામાં આવ્યું છે. ગુવાહાટી જવાના એક દિવસ પહેલા આ લોકોએ ઉપસભાપતિને એવું કહેતા મેઈલ કર્યો હતો કે અમને તમારા પર ભરોસો નથી. વિધાયકોને અયોગ્ય ઠેરવવાના કેસમાં જ્યારે ડેપ્યુટી સ્પીકરના હાથ બંધાયેલા હતા ત્યારે ફ્લોર ટેસ્ટ થવો જોઈતો નહતો.

એકનાથ શિંદે તરફથી વરિષ્ઠ વકીલ હરીશ સાલવેએ પક્ષ રજૂ કર્યો. તેમણે કહ્યું કે અયોગ્યતાનો નિયમ શિંદે કેસમાં લાગૂ થતો નથી. કારણ કે જો કોઈ પાર્ટીમાં બે જૂથ થાય અને જેની પાસે વધુ સંખ્યા હોય તે કહે છે કે હવે હું નેતા છું અને સ્પીકર માને છે તો તે અયોગ્યતામાં કેવી રીતે જશે. આંતરિક પાર્ટી લોકતંત્રનું ગળું ઘોંટાઈ રહ્યું છે. જો પાર્ટીમાં અસંતોષ હોય અને પાર્ટીમાં કોઈ અન્ય વ્યક્તિને નેતા તરીકે પસંદ કરાય છે તો આવું તમામ લોકતંત્રમાં થતું હોય છે. એવા દેશ છે જ્યાં પીએમએ પણ હટવું પડે છે. આ ધારાસભ્યોએ સદનમાં બહુમત સાબિત કરીને સ્પષ્ટ કર્યું કે તેઓ તે પક્ષપલટો નથી.

બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું કે અરજીઓમાં અનેક મામલા છે. અમને કેસની પેપરબુક જોઈએ. આ સાથે જ કોર્ટે કહ્યું કે આ કેસને મોટી બેન્ચને મોકલવાની જરૂર છે. જેના પર સાલવે, સિંઘવી, સિબ્બલે પણ સહમતિ વ્યકત કરી. કેટલાક પહેલુઓ મોટી બેન્ચમાં જવા જોઈએ તેવું કોર્ટે કહ્યું.

### અમદાવાદના ચિરિપાલ ગ્રુપ પર

## આવકવેરા વિભાગના દરોડા, શિવરંજની અને આંબલી સહિત ૪૦ સ્થળે તપાસ કરાઈ

અમદાવાદ,

અમદાવાદમાં આવકવેરા વિભાગ દ્વારા મોટું સર્ચ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત આવકવેરા વિભાગ દ્વારા શહેરના જાણીતા ચિરિપાલ ગ્રુપ પર દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદનું ચિરિપાલ ગ્રુપ કે જે ટેક્સટાઈલ અને શિક્ષણ સાથેના વ્યવસાય સાથે સંકળાયેલું છે, તે ગ્રૂપની ઓફિસોમાં આવક વેરા વિભાગે હાલ તપાસ શરૂ કરી છે. અમદાવાદના બોપલ રોડ પર આવેલ ચિરિપાલ ગ્રુપની મુખ્ય ઓફિસ સહિત વેદપ્રકાશ ચિરિપાલ, બ્રિજમોહન ચિરિપાલ સહિતના ભાગીદારોને ત્યાં પણ આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદમાં કુલ ૩૫થી ૪૦ જગ્યા પર દરોડા પાડીને આવકવેરા વિભાગે તપાસ શરૂ કરી છે આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ મેઘા સર્ચ-ઓપરેશનમાં ૧૫૦ અધિકારીઓ કામગીરીમાં જોડાયા હતાં

આવકવેરા વિભાગના દરોડાથી અમદાવાદ શહેરમાં ફરીથી ખળભળાટ મચી ગયો છે. ચિરિપાલ ગ્રુપની અમદાવાદ અને સુરત શહેરમાં આવેલી ઓફિસ પર મંગળવારની રાતથી દરોડા પાડવામાં આવ્યા છે. હાલ ચિરિપાલ ગ્રુપની અમદાવાદ સ્થિત આંબલી અને શિવરંજની સહિતની ઓફિસ પર આવકવેરા વિભાગે દરોડા પાડતા તપાસ ચાલી રહી છે. આ સાથે જ અમદાવાદની અન્ય ઓફીસો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. આ કંપની ટેક્સ ટાઈલ, કેમીકલ્સ, રિયલ એસ્ટેટ, શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલી છે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગની રેડ ચાલી રહી છે.આવકવેરા વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીથી અમદાવાદના વેપારીઓ અને બિઝનેસ ગ્રુપોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ શહેરમાં ચિરિપાલ સહિત નંદન ડેનિમ અને વિશાલ ડેનિમ પર પણ આવકવેરા વિભાગની તપાસ શરૂ થઈ છે. તપાસના અંતે મોટી ટેક્ષ ચોરી મળે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચિરિપાલ ગ્રુપ આ પહેલાં પણ અનેકવાર ચર્ચામાં આવ્યું છે. અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં આવેલા યોગીરાજ એસ્ટેટમાંથી ખેતીવાડી માટે વાપરવામાં આવતો સબસિડીયુક્ત યુરિયા ખાતરનો જથ્થો દાણીલીમડા પોલીસે થોડા મહિના પહેલાં જ ઝડપી પાડ્યો હતો, આ સાથે જ પોલીસે ગોડાઉન માલિક સહિત બે શખ્સની ધરપકડ પણ કરી હતી. આ આરોપીઓ અન્ય આરોપીઓ સાથે મળીને અમદાવાદની ફેક્ટરીઓ અને ચિરિપાલ ગ્રુપની વિશાલ ફેબ્રિક્સ નામની કંપનીમાં પોતાના નામની કંપનીની થેલીમાં યુરિયા ખાતરનો જથ્થો સપ્લાય કરતા હતા. જે કેસમાં દાણીલીમડા પોલીસે બેની ધરપકડ કરી હતી.

## મહિલા સાંસદ ગેસ સિલિન્ડર સાથે પ્રદર્શન કરતા જોવા મળ્યા



નવીદિલ્હી,

કોંગ્રેસ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને સતત મોંઘવારીના મુદ્દે ઘેરી રહી છે. સંસદનું ચોમાસુ સત્ર ચાલુ છે. આજે સંસદમાં કોંગ્રેસે ફ્યૂલના વધતા ભાવ અને મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યુ. આ દરમિયાન એક મહિલા સાંસદ ગેસ સિલિન્ડર સાથે પ્રદર્શન કરતા જોવા મળ્યા. મહિલા સાંસદે બાહુબલી સ્ટાઈલમાં સિલિન્ડર ઉઠાવ્યું અને વધતી મોંઘવારી અંગે નારાજગી વ્યક્ત કરી.

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ અને કેટલાક અન્ય વિપક્ષી દળોના સાંસદોએ સંસદ પરિસરમાં ધરણા ધર્યા. મોંઘવારી અને અનેક જરૂરી ખાણીપીણીની વસ્તીઓને જીએસટીના દાયરામાં લાવવાના વિરોધમાં આ સાંસદોએ સરકાર પર નિશાન સાધ્યું. આ લોકોએ એક બેનર પણ રાખ્યું હતું જેના પર ગેસ સિલિન્ડરની તસવીર હતી અને લખ્યું હતું કે ભાવ વધવાથી સામાન્ય નાગરિકોનું જીવન ખરાબ રીતે પ્રભાવિત થઈ રહ્યું છે, તેઓ જીવન નિર્વાહ કેવી રીતે કરશે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત રાજ્યસભામાં નેતા પ્રતિપક્ષ મલ્લિકાર્જૂન ખડગે, લોકસભામાં કોંગ્રસના નેતા અધીર રંજન ચૌધરી, તેલંગણા રાષ્ટ્ર સમિતિના નમા નાગેશ્વર રાવ તથા કે.કેશવ રાવ, નેશનલ કોંગ્રેસના હસનૈન મસૂદી, આઈયુએમએલના ઈટી મોહમ્મદ બશીર અને અન્ય અન્ય વિપક્ષી સાંસદો પણ આ ધરણામાં સામેલ થયા હતાં

વિપક્ષી સાંસદોએ 'દૂધ દહી પરથી જીએસટી પાછો લો' ના નારા પણ લગાવ્યા. આ અવસરે ખડગેએ કહ્યું કે આજે લોટ, દહી અને અન્ય વસ્તુઓના ભાવ વધી ગયા છે. સામાન્ય નાગરિકો પર આ સરકારે અત્યાચાર કર્યા છે. અમે તેની સામે વિરોધ કરીશું.

નોંધનીય છે કે વિપક્ષી દળોએ મંગળવારે પણ આ મુદ્દે સંસદ પરિસરમાં ધરણા ધર્યા હતા અને બંને ગૃહોમાં હંગામો કર્યો હતો. જે કારણે કાર્યવાહી ખોરવાઈ હતી. જીએસટી પરિષદના નિર્ણય લાગૂ થયા બાદ સોમવારે અનેક ખાદ્ય વસ્તુઓ મોંઘી થઈ. જેમાં પહેલેથી પેક અને લેબલવાળા ખાદ્ય પદાર્થ જેમ કે લોટ, પનીર અને દહી સામેલ છે. જેના પર હવે પાંચ ટકા જીએસટી આપવો પડશે.

## હોટેલ-રેસ્ટોરામાં સર્વિસ ચાર્જ નહી વસુલવાના આદેશ સામે હાઈકોર્ટનો સ્ટે

નવીદિલ્હી,

રેસ્ટોરા તથા હોટેલમાં ગ્રાહકો પાસેથી સર્વિસ ચાર્જ વસુલાતને પ્રતિબંધીત કરતી કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ઓથોરીટીની માર્ગરેખા સામે દિલ્હી હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માએ ઓથોરીટીની ગાઈડલાઈનને કોઈ કાનુની પીઠબળ નહી હોવાનું જણાવીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જો તેમાં સર્વિસ ચાર્જ આપવા ઈચ્છતા ન હો તો બહેતર છે. રેસ્ટોરામાં પ્રવેશ ન કરો તે જ બહેતર છે. જો કે હાઈકોર્ટે જણાવ્યું હતું કે હોટેલ રેસ્ટોરા સંચાલકો ટેઈક અવે ફુડ પર સર્વિસ ચાર્જ વસુલી શકશે નહી.

નેશનલ રેસ્ટોરા એસોસીએશન ઓફ ઈન્ડીયાએ સર્વિસ ચાર્જ અંગે સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ પ્રોટેકશન ઓથોરીટીની ગાઈડલાઈન ને પડકારી હતી જેમાં રેસ્ટોરા, હોટેલ સંચાલકો ગ્રાહકોની ઈચ્છા કે સંમતી વગર સર્વિસ ચાર્જ વસુલી શકશે નહી તેમજ કોઈ હોટેલ કે રેસ્ટોરા આ પ્રકારે સર્વિસ ચાર્જ વસુલવા કોઈ દબાણ લાવી શકશે નહી.

સર્વિસ ચાર્જ એ વૈકલ્પિક છે અને તેમાં ગ્રાહક નિર્ણય બંધનકર્તા છે. રેસ્ટોરા એસો.ની દલીલ હતી કે અનેક સેવા ક્ષેત્રમાં સર્વિસ ચાર્જ વસુલાય છે. ખુદ સરકારી એજન્સીઓ પણ તેના ઉપયોગકર્તા પાસેથી સર્વિસ ચાર્જ વસુલે છે અને તેથી તેમાં કોઈ ઓથોરીટી કે સરકાર દમનગીરી કરી શકે નહી.

## પેટ્રોલ-ડિઝલ પર ટેક્ષથી સરકારને રૂા.૪.૩૧ લાખ કરોડની કમાણી કરી

નવીદિલ્હી,

વૈશ્વિક દ્રષ્ટીએ ક્રુડતેલના ઉંચા ભાવ અને ઘરઆંગણે પેટ્રોલ-ડિઝલ સહિતના પેટ્રોલીયમ પેદાશો સતત મોંઘા રહ્યા છે અને હજુ પણ દેશમાં પેટ્રોલ રૂા.૧૦૦ પ્રતિ લીટર તથા ડિઝલ પણ રૂા.૯૦થી૯૮ પ્રતિલીટરના ભાવે વેચાઈ રહ્યુંછે તે વચ્ચે ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં પેટ્રોલ-ડિઝલ સહિતના પેટ્રોલીયમ ઉત્પાદનો કસ્ટમ અને એકસાઈઝ ડ્યુટીની રૂા.૪.૩૧ લાખ કરોડની કમાણી કરી છે. સરકારને એપ્રિલ ૨૦૨૧થી માર્ચ ૨૦૨૨ સુધીના ૧૨ માસના ગાળામાં પેટ્રોલીયમ ઉત્પાદનોની આયાત પર રૂા.૫૦૯૦૨.૪૩ કરોડની કસ્ટમ ડ્યુટી મળી છે અને એકસાઈઝ મારફત રૂા.૩૮૦૧૧૩.૪૭ કરોડની કમાણી કરી છે. આમ એક વર્ષમાં પેટ્રોલ-ડીઝલ સહિતના પેટ્રોલીયમ પેદાશો પર સરકારની કમાણી રૂા.૪.૩૧ લાખ કરોડની થઈ છે. બીજી તરફ સરકારે પેટ્રોલ-ડીઝલ તથા ક્રુડની નિકાસ પર ત્રણ સપ્તાહ પુર્વે જ લાદેલા વિન્ડફોલ ટેક્ષમાં હવે નિગમ કમ કંપનીઓને રાહત મળી છે. ખાસ કરીને પેટ્રોલ-ડીઝલના સૌથી મોટા નિકાસકાર રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તથા ક્રુડતેલની શોધમાં દેશની સરકારી કંપની ઓએનજીસીને રાહત મળશે. કેન્દ્ર સરકારે ડિઝલ અને વિમાની ઈંધણની નિકાસ પરનો વિન્ડફોલ ટેક્ષ રૂા.૨ પ્રતિલીટર ઘટાડયા છે. જયારે પેટ્રોલ પરનો વિન્ડફોલ ટેક્ષ જે પ્રતિલીટર રૂા.૬ હતો તે પૂર્ણ રીતે પાછો ખેચી લીધો છે. ઉપરાંત દેશમાં ઉત્પાદીત ક્રુડ પરનો ટેક્ષ પણ ૨૭% ઘટાડી રૂા.૧૭૦૦૦ પ્રતિ ટન કર્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડતેલના ભાવ ઘટતા સરકારે આ વિન્ડફોલ ટેક્ષ ઘટાડયા છે. દેશમાં બે ખાનગી ક્ષેત્રની જાયન્ટ કંપની રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. તથા રશિયન કંપની રોઝનેફટ- માલીકીની નાયકા એનર્જી લી. દેશના પેટ્રોલ તથા ડિઝલની કુલ નિકાસમાં ૮૫% હિસ્સો ધરાવે છે.

## રાજ્યના મુખ્ય ૨૦૭ જળ પરિયોજનાઓમાં ૫૬.૫૪ ટકા જળસંગ્રહ : સરદાર સરોવરપરિયોજનામાં ૫૫.૨૬ ટકા જળસંગ્રહ



ગાંધીનગર,

રાજ્યમાં થઈ રહેલા સારા વરસાદને પરિણામે રાજ્યની મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં તા. ૨૦ જુલાઈ-૨૦૨૨ સુધીમાં ૫૬.૫૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૧,૮૪,૬૧૯ એમસીએફટી એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૫.૨૬ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યના જળસંપત્તિ વિભાગના ફ્લડ સેલ દ્વારા મળેલાં અહેવાલો મુજબ રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩,૧૯,૮૩૯ એમસીએફટી એટલે કે કુલ જળસંગ્રહ શક્તિના ૫૭.૩૦ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યમાં ૩૦ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જયારે ૪૩ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે, ૨૯ જળાશયો (સરદાર સરોવર સહિત) માં ૫૦ ટકાથી ૭૦ ટકાની વચ્ચે, ૪૯ જળાશયોમાં ૨૫ ટકા થી ૫૦ ટકાની વચ્ચે, ૫૫ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. આ જળાશયોમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૩૦ જળાશયો ૧૦૦ ટકાથી વધુ જ્યારે ૧૯ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈએલર્ટ પર છે. ૧૧ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા ભરાતા એલર્ટ પર તથા ૧૨ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા ભરાતા સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

## ગાંધીનગરમાં કેન્દ્રીય ચૂંટણી પંચના અધિકારીઓનો પડાવ : શુક્રવારથી બે દિ' રાજયભરના કલેકટરોની તાલીમ

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થતા જ ચૂંટણી પંચ અને વહીવટીતંત્ર દ્વારા આ ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીપંચ અને વહીવટીતંત્ર દ્વારા અત્યારથી જ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેમાં કેન્દ્રીય ચૂંટણીપંચના અધિકારીઓ આવતીકાલથી ગાંધીનગરમાં પડાવ નાખી દેનાર છે. વિધાનસભાની ચૂંટણીના આયોજન અને સંચાલન માટે માર્ગદર્શન આપવા માટે આગામી તા.૨૨ ને શુક્રવારથી બે દિવસ ગાંધીનગર મહાત્મામંદિર ખાતે રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરોનો ખાસ તાલીમ વર્ગ આયોજિત કરવામાં આવેલ છે. જેમાં કેન્દ્રીય ચૂંટણી પંચના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિધાનસભાની ચૂંટણી સંદર્ભે રાજયના જિલ્લા કલેકટરો તેમજ ગુજરાત સ્ટેટ કેડરના અધિકારીઓને મતદારયાદી સુધારણા ઝુંબેશ ફોર્મનો નવા ફોર્મેટ અંગે માર્ગદર્શન આપશે. તેમજ વિધાનસભાની ચૂંટણીના ઉપલક્ષ્યમાં ૧૮૨ બેઠકો માટે રિગર્વ અને ઉપયોગમાં લેવાનાર ૭૦ હજારથી વધુ ઈ.વી.એમ્ નું ફસ્ટ લેવલ ચેકીંગ થશે આ ઉપરાંત વી.વી.પેટ ઓપરેટીંગ સીસ્ટમ અને ઈ.વી.એમ.ની ફસ્ટ લેવલ આપણી અંગેની પણ તાલીમ આ તાલીમવર્ગમાં આપવામાં આવશે.

### ઓન લાઈન ટેન્ડરીંગ
### જાહેર નિવિદા નં.૧૦, સને.૨૦૨૨-૨૩(બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દવારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાન તથા સીડી વર્કસ કામના રૂા.૧૫.૦૦ લાખથી રૂા.૩૯.૦૦ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http://rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડી. થી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફટ/એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૦૨/૦૮/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૦૩/૦૭/૨૦૨૨ સમય ૧૨.૦૦ કલાક |

કાર્યપાલક ઈજનેર
પંચાયત મા×મ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૩૪૯/૨૦૨૨

### ઓન લાઈન ટેન્ડરીંગ
### માર્ગ અને મકાન વિભાગ
### જાહેર નિવિદા-૧૯ સને : ૨૦૨૨-૨૩
### ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા તથા આવા કામના અનુભવી ઈજારદારો પાસેથી ફાયર સેફટીનાં એક કામ માટે ઓન લાઈન ટેન્ડરો, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૩૦.૭૨ લાખ સુધીની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૫.૮.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૫.૮.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી ઓન લાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૩૪૮/૨૦૨૨

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ચૌહાણ કિરણકુમાર પ્રતાપસિંગ
તરફથી અભીનંદન....
મુ. કંજેટા,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મહોનીયા દિનેશભાઈ કાળુભાઈ
તરફથી અભીનંદન....
મુ. ખજુરી,
તા. ધાનપુર,
જી. દાહોદ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર ખાતે પી.ટી.સી.ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉજવાયો



સંતરામપુર, મહિસાગર જિલ્લાના સંતરામપુર ખાતે આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આ વર્ષે પી.ટી.સી. અભ્યાસમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. પ્રાથમિક શિક્ષક બનવા માટેની તાલીમ મેળવવા માટેના બે વર્ષિય અભ્યાસ માટેના પી.ટી.સી.ના તાલીમાર્થીને પ્રવેશ આપતા આ કાર્યક્રમની શરૂઆત પ્રાથનાથી કરવામાં આવી હતી. બીજા વર્ષના તાલીમાર્થીઓ દ્વારા અભિનય રજૂ કરી ત્યારબાદ દીપ પ્રગટાવી આવેલા મહેમાનોનું પુસ્તક અને પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચાલુ વર્ષે નવા તાલીમાર્થીઓ પ્રવેશ મેળવ્યો તેમને કુમકુમ તિલક તેમજ ગોડધાણા ખવડાવી મો મીઠું કરી તેમને ડાયટ પરિવારે આવકાર્યા હતા. દરમ્યાન સાથે આવેલ તેમના વાલીઓને પણ કંકુ ચોખાના તિલક કરી ડાયટના પ્રાચાર્ય ડો. એ વી.પટેલે સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં ડાયટના સિનિયર લેક્ચરર ડો.હર્ષદભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી તેમનો પરિચય કરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે ડી.એલ.એડ. (પી.ટી.સી.)માં કુલ ૪૧ જેટલાં તાલીમાર્થીઓએ એડમિશન મેળવ્યું છે તેમનું આજે સ્વાગત કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે બોલતા સંતરામપુર ડાયટના પ્રાચાર્ય ડો.એવી. પટેલ સાહેબે કહ્યું કે અહીંયા આંગણવાડીથી લઈને ધોરણ-૧૨ સુધી શિક્ષકોને તાલીમ તાલીમ આપવામાં આવે છે. તેમજ આ સંસ્થામાં જે તાલીમાર્થીઓ તાલીમ મેળવે છે તેમને તલાટી, ગ્રામસેવક, પોલીસ, જેવી અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી વિનામુલ્યે કરાવવામાં આવે છે. વધુમાં તાલીમાર્થીઓને કોઈપણ પ્રકારની કચાસ ના રહી જાય તે માટે પૂરેપૂરી તકેદારી અમે રાખીયે છીએ તેમ ઉમેર્યું હતું. તેમને વધુમાં કહ્યું હતું કે ફક્ત તાલીમાર્થી અહીંયા તાલીમ મેળવ્યા પછી શિક્ષક જ નહીં પરંતુ તમે ધારો તે જગ્યાએ નોકરી મેળવી શકો છો તેવું ઘડતર અહિથી આપવામાં આવે છે. સંસ્થાના સિનિયર લેક્ચરર ડો.હર્ષદભાઈ પટેલે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપતા કહ્યું કે જો તમે મહેનત કરશો તો પાકું તમને નોકરી મળશે.તેમ જણાવી સફળતા માટે કોઈ શોર્ટકટ નથી તેના માટે તો પરિશ્રમ જ કરવો પડે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમમાં પ્રાચાર્ય ડો.એ.વી. પટેલ, સિનિયર લેક્ચરર સર્વ ડો. હર્ષદભાઈ પટેલ, કે.એસ.પટેલ, કે.ડી.પટેલ, એચ.કે.પટેલ, એસ.પી. પારગી, દવે સાહેબ, બી.પી. પગી, આર.કે પટેલ તેમજ તાલીમાર્થીઓ અને તેમની સાથે આવેલ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સિનિયર તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમની આભારવિધિ બાદ રાષ્ટ્રગીતના સમુહ ગાન બાદ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# સંતરામપુરના સરસવા પ્રા.શાળામાં બાળકોના અભ્યાસ માટે પાકુ મકાન નથી





તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાની સરસવા પ્રાથમિક શાળામાં બાળકોને અભ્યાસ માટે ૧૮ વર્ષથી પાકું મકાન જ નથી સરકારના સૂત્ર સૌ ભણે સૌ આગળ વધે પરંતુ આ બધી બાબતો માત્ર કાગળ ઉપર જ છે સંતરામપુર તાલુકાની સરસવા ગામે ધાવડા તલાવડી વર્ગ પ્રાથમિક શાળામાં ૫૦ બાળકો ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરી છે આદિવાસી વિસ્તારમાં ગરીબ બાળકોને અભ્યાસ કરવા માટે અને શાળામાં બેસવા માટે પાકું મકાનના બદલે છેલ્લા ૧૮ વર્ષથી સીનટેક્ષનું પ્લાસ્ટિકનો બનાવેલો છે જ્યાં જર્જરી અને તગલાદી હાલતમાં જોવાઈ રહ્યું છે ૨૦૦૩માં આ પ્લાસ્ટિકની શાળાની બાંધકામ કરવામાં આવેલું હતું. અત્યાર સુધી તેને નવું બાંધકામ હજુ સુધી કરવામાં આવેલો નથી પ્રાથમિક શાળાના આચાર્ય શાળાની મંજૂરી માટે બાંધકામની વારંવાર લેખિતમાં અને એસએમસીના સભ્યોને પણ ઠરાવ કરેલો છે પરંતુ હજુ સુધી કામગીરી હાથ ધરવામાં આવેલી જ નથી ઉનાળા દરમિયાનમાં આવા પ્લાસ્ટિકના બનાવવામાં આવેલી પ્રાથમિક શાળામાં વધારે બેસી રહેવાથી ગરમી પણ થતી હોય છે અને આરોગ્ય માટે જોખમી કારક છે ચારે બાજુથી પ્લાસ્ટિકની સુવાસ આવતા અને વધારે તેનો ઉપયોગ કરવાથી ગંભીર બીમારી પણ થઈ શકે છે સરકાર પ્લાસ્ટિકની વસ્તુ ઉપર પ્રતિબંધ મુકે છે જ્યારે આવી પ્લાસ્ટિકની ઉભી કરેલી પ્રાથમિક શાળા બાળકો માટે હાનિકારક થઈ રહ્યું છે આ પ્રાથમિક શાળામાં પ્લાસ્ટિકના દરવાજા દર ૧૫ દિવસે તૂટી જતા હોય છે ને સૌથી મોટો પ્રશ્ન એ છે કે પ્રાથમિક શાળાનો રેકોર્ડ સુરક્ષિત રહી શકતો નથી તેના માટે અને તેને સાચવવા આચાર્ય પોતાની રીતે તેની પાસે રાખીને સાચવી રાખે છે આવી પ્લાસ્ટિકની શાળામાં અને જર્જરી હાલતમાં થવાથી ઘણા બધા પ્રશ્નો ઊભા થયેલા છે વિસ્તારમાં શિક્ષણની સુવિધામાં હજુ પણ પ્રાથમિક શાળાઓમાં પાકા મકાનના નથી.

# લુણાવાડામાં ભંગારના ગોડાઉનમાં સરકારી યોજનાની સાયકલોનો જથ્થો જોવા મળતા ચકચાર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં ભંગારના ગોડાઉનમાં સરકાર દ્વારા બાળકો માટે આપવામાં આવતી સાયક્લોનો જથ્થો જોવા મળતા સરકારી યોજનાની સાયકલો ભંગારમાં કોના દ્વારા વેચવામાં આવી તે તપાસનો વિષય છે.

મહિસાગર જિલ્લામાં સરકારશ્રીની યોજના અંતર્ગત શાળામાં પ્રવેશોત્સવ વર્ષ-૨૦૧૦/૨૦૨૧ સુધી ફળવાયેલ વિદ્યાર્થીઓ માટેની સાયકલો લુણાવાડાના ભંગારના ગોડાઉનમાં જોવા મળી છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવા માટે સાયકલ ફાળવવામાં આવતી હોય છે. પરંતુ આ યોજનાની સાયકલો વિદ્યાર્થીઓને નહિ આપીને ભંગારના ગોડાઉનમાં વેચવામાં આવી છે. આ સરકારી યોજનાની સાયકલો કોના કહેવાથી ભંગારમાં વેચવામાં આવી હશે તે તપાસનો વિષય છે.અગાઉ બાળકોને સરકાર દ્વારા ફળવાતી પુસ્તકો પણ ભંગારમાં વેચવાનો કિસ્સો સામે આવ્યો હતો. ત્યારે લુણાવાડામાં સરકારી યોજનાની સાયકલો વેચવા માટે કોનો હાથે તેની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરી દાખલો બેસાડવામાં આવે તે જરૂરી છે.

# લુણાવાડા કોલેજમાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું




લુણાવાડા, પી. એન. પંડ્યા આર્ટ્સ, એમ. પી પંડ્યા સાયન્સ શ્રીમતી ડી.પી પંડ્યા કોમર્સ કોલેજ, લુણાવાડામાં રાષ્ટ્રીય સેવા યોજના તથા મહીસાગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુક્ત ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જે.એમ.બિહોલા, સેંક્રેટરી ડી.એલ.એસ.એ મહીસાગર, સોનમબેન કડીઆ તથા દીપિકાબેન સખી વનસ્ટોપ સેન્ટર લુણાવાડા, હરીશભાઈ મકવણા સુપ્રીટેન્ડેન્ટ સિનિયર કલાર્ક ડી.એલ.એસ.એ મહીસાગર, કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રો.અલ્પેશ પંડ્યા, આર્ટસ વિભાગના ઈન્ચાર્જ પ્રો.જે.પી.ચૌધરી તથા સ્ટાફ મિત્રોની હાજરીમાં કરવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થીઓને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તથા કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો.એસ.આર ચોટલીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લુણાવાડા ખાતે નવા ટુ વ્હિલર તથા ફોર વ્હિલર વાહનોના ફેન્સી નંબરોની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવશે

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર (મોટર સાઈકલ) અને ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેમાં ટુ વ્હીલરમાં જીજે ૩૫ જે, જીજે ૩૫ કે અને જીજે ૩૫ એલ તથા ફોર વ્હીલરમાં જીજે ૩૫ એચ અને જીજે ૩૫ એન સીરીઝ છે. જેમાં ૦૦૦૧ થી ૯૯૯૯ સુધીમાં બાકી રહેલ ગોલ્ડન તથા સીલ્વર (ફેન્સી) તેમજ પંસદગીના નંબરો મેળવવા માટેની ઓનલાનઈ અરજી તા.૨૫/૦૭/૨૦૨૨ થી તા.૨૭/૦૭/૨૦૨૨ દરમ્યાન કરી શકાશે. તથા તા. ૨૮/૦૭/૨૦૨૨ થી ૨૯/૦૭/૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન ઓક્શન (હરાજી) માં ભાગ લઈ શકાશે. તો ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના નવા વાહનો માટે પસંદગીનો નંબર લેવા માગતા હોય તો ઓનલાઈન પ્રક્રિયા અરજદારે પોતે જ વેબસાઈટ https://vahan.parivahan. gov.in/fancy પર કરવાની થાય છે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી લુણાવાડા-મહિસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

# ફતેપુરાના મોટી ઢઢેલી ગામે પશુ બાંધવા મામલે ધિંગાણુ મચાવ્યુ

દાહોદ, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટી ઢઢેલી ગામે ખેતરમાં પશુઓ બાંધવા મામલે થયેલ ઝઘડામાં ચાર જેટલા ઈસમોએ ભેગા મળી એકને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાકું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. ગત તા.૧૯મી જુલાઈના રોજ મોટી ઢઢેલી ગામે ડુંગરી ફળિયામાં રહેતાં રાજુભાઈ ચંદુભાઈ સંગાડા તથા તેમના પરિવારજનો પોતાના ઘરે હાજર હતાં તે સમયે રાજુભાઈના ખેતરમાં પશુઓ બાંધેલ હોઈ આ મામલે પોતાના ગામમાં રહેતા કલસીંગભાઈ નાનજીભાઈ પારગી, કમલેશભાઈ નાનજીભાઈ પારગી, મંગળાભાઈ નાનજીભાઈ પારગી અને જીતમલભાઈ નાનજીભાઈ રમીલાબેનને કહેલ કે, અમારા ખેતરમાં તમોએ કેમ પશુઓ બાંધેલ છે, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાકડીઓ લઈ આવી રાજુભાઈને પકડી લઈ લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાકું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રાજુભાઈ ચંદુભાઈ સંગાડાએ સુખસર પોલીસ મથખે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,ગોધરા ખાતે રમત ગમત વિભાગની પ્રથમ વાર્ષિક સાધારણ સભા યોજાઈ



ગોધરા, તાજેતરમાં જ તા.૧૯/૭/૨૨ ના રોજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે માનનીય કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબના માર્ગદર્શન હેઠળ રમત ગમત વિભાગ વર્ષ ૨૦૨૨-૨૩ ની પ્રથમ વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સ ઈન્ચાજર્શ્રીઓ મળીને ૪૦ કરતા વધુ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં યુનિવર્સિટીના કુલસચિવ ડો.અનીલ સોલંકી સાહેબે ઉત્સાહ પ્રેરિત ઉદ્બોધન કર્યું હતું. આવનાર સમયમાં નવીન કેમ્પસમાં ૨૫ એકર જેટલી વિશાળ જગ્યામાં સ્પોર્ટ્સ સંકુલ બનશે અને આવનાર સમયમાં યુનિવર્સિટીના સ્પોર્ટ્સ સંકુલમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં કટિબદ્ધતા દર્શાવી હતી. યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટી અને કોલેજનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવી હતી. યુનિવર્સિટીની શારીરિક શિક્ષણ અધ્યાપકોની ટીમવર્ક અને ટીમ સ્પીરીટથી કરી રહેલ કાર્યની સરાહના કરી હતી. યુનિવર્સિટીના રમત ગમત વિભાગની કમિટીની કામગીરીથી ખુબ જ સંતોષ વ્યક્ત કર્યો હતો. યુનિવર્સિટીના રમત-ગમત વિભાગના ઈન્ચાર્જ ડાયરેક્ટર અશ્વિન પટેલ સાહેબે ગયા વર્ષની માહિતી આપી હતી અને ૨૦૨૨-૨૩ની વિવિધ ૪૨ કરતા વધુ સ્પર્ધાઓનું આયોજન થશે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ડો. મહાવિરસિંહજી ડાભીએ ઉપસ્થિત મહેમાનો, અધ્યાપકો અને યુનિવર્સિટીના સહયોગ આપી રહેલ તમામ વિભાગોનો અને રમત ગમત કમિટીના સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. સભાનું સંચાલન ડો. બહાદુરસિંહ ગોહિલે કર્યું હતું.

# મધ્યપ્રદેશના વાહન ચોરી અને લુંટ-ધાડના આરોપીને દાહોદ LCBએ ઝડપ્યો



દાહોદ, મધ્યપ્રદેશ રાજ્યના અનડીટેક્ટ વાહન ચોરી તથા લુંટ, ધાડ તથા પાંચ હજારના ઈનામી જેલ ફરારી તેમજ દાહોદ જિલ્લાના બે ગુનામાં નાસતો-ફરતો કુખ્યાત આરોપીને ચોરીની તુફાન ગાડી સાથે દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડ્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓને તેમજ વિવિધ ગુન્હાઓના ભેદ ઉકેલવાની કામગીરી હાથ ધરી રહી છે ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પેટ્રોલીંગમાં હતાં તે સમયે એક તુફાન ગાડીનો ચાલક તુફાન ગાડી લઈ મીનાક્યાર બાજુથી ગરબાડા તરફ ચોરીની ગાડી લઈ આવતાં પોલીસે પાટીયાઝોલ ગામે નાકાબંધી કરતાં તુફાન ગાડીના ચાલકે ગાડી સ્થળ ઉપર મુકી નાસવા જતાં પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરી ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેનું નામ પુછતાં ચાલકે પોતાનું નામ રાવજી છત્રસીંગ ગણાવા (રહે. સણદા, કટારા ફળિયું, તા.ચંન્દ્રશેખ આઝાદનગર, જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ) જણાવ્યું હતું. પોલીસે ઝડપાયેલ ચાલકની સઘન પુછપરછ કરતાં આ તુફાન ફોર વ્હીલર ગાડી ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. પોલીસે ઝડપાયેલ ઈસમ પાસેથી એક મોબાઈલ સહિત ગાડી મળી કુલ રૂા. ૩,૦,૫૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે આ ઝડપાયેલ ઈસમ વિરૂદ્ધ દાહોદ જિલ્લાના ગરબાડા સહિત મધ્યપ્રદેશના પોલીસ સહિત કુલ ૪ ગુનાઓ નોંધાંચેલ છે.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

**એક તરફ સતત ત્રણ વર્ષ થી નબળા ચોમાસુ અને આ વર્ષે પણ સાર્વત્રિક વરસાદ સારો છે છતાં ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામોમાં પ્રારંભ થી વરસાદ ઓછો હોય આ તરફના ખેડૂતોનો આર્થિક આધારસ્તંભ સમો ડાંગરના પાકની રોપણી શક્ય નહોતી ત્યારે જિલ્લાની મહત્વની પાનમ સિંચાઈ યોજના દ્વારા તાત્કાલિક ડાંગરની રોપણી માટે પાણી છોડવામાં આવતા ગોધરા તાલુકા ના નદીસર ખાતે ક્યારી વિસ્તારમાં કેનાલમાં પાણી આવી પહોંચ્યા હતા જેથી ખેડૂતોમાં આનંદ સાથે ચહેરા પર નુર જોવા મળ્યું હતું અને ખેડૂતો દ્વારા યુદ્ધ ના ધોરણે ડાંગર રોપણી હાથ ધરવામાં આવી છે ખેડૂતોના જણાવ્યા મુજબ હજુ વધુ માત્રા માં પાણી છોડવા માં આવે તે જરૂરી છે તો ઝડપ થી ડાંગર રોપણી શક્ય બને.**

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો. વૃદ્ધોની સેવા અને સદગુણ કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

વૃષભ : આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.

મિથુન : ગ્રહોની શુભ અસરોથી આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધીશો.

કર્ક : આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓની ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો. સાંસારિક આનંદના માધ્યમો ઉપર શુભ ખર્ચ થવાના કારણે મનમાં આનંદ રહેશે.

સિંહ : આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે.

કન્યા : તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે. વિરોધી પરાજિત થશે.

તુલા : લોકો માટે આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લેતા નિર્ણયોથી તમને ફાયદો થશે. સંતાન પક્ષના લગ્નજીવનમાં વિઘ્નોનો અંત આવશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે. છેલ્લા કેટલાક સમયથી ચાલતા વિવાદનો આજે અંત આવી શકે છે.

ધનુ : આ દિવસ કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે.

મકર : વિશેષ ગ્રહો તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો, મિત્રો પાસેથી પૈસાની પ્રાપ્તિ, નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે.

કુંભ : તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઈનલ કરવામાં આવશે તે તમારા મનમાં એક અલગ પ્રકારનો આનંદ લાવશે.

મીન : તમને આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-સંપત્તિનો વિવાદ પણ હલ થશે.

# ગુજરાત રાજયમાં અનેક ઘણા વિશ્વસનીય કાર્યકર્તા સ્વ.શ્રી વિનોદભાઈ હરીલાલ જયસ્વાલ



ગુજરાત રાજયમાં અનેક ઘણા વિશ્વસનીય કાર્યકર્તા સ્વ.શ્રી વિનોદભાઈ હરીલાલ જયસ્વાલ કે જેઓએ ગુજરાત અને દેશની સેવામાં અનન્ય ફાળો આપેલ હતો. તેઓ તા.૧૩/૦૭/૨૦૨૨ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓ પ્રાથમિક શાળામાં મોનીટર, (૨) બી.એડ. કોલેજના જી.એસ, (૩) માદ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, (૪) ગુજરાત રાજય (૫) ગુજરાત રાજય માદ્યમિક શિક્ષક સંઘના મહામંત્રી, (૬) ગોધરા મદ્રેસા શિક્ષકોના હત્યાકાંડમાં આંદોલન કરી તમામ વારસદારોને નોકરી અપાવી મદદ કરનાર, (૭) પંચમહાલ જિલ્લા સંચાલક મંડળના પ્રમુખ, (૮) પંચમહાલ, આણંદ, ખેડા, દાહોદ જિલ્લા જયસ્વાલ સમાજના પ્રમુખ, (૯) એસ.એસ.સી. ગણિત ચોપડીના સંપાદક, (૧૦) એન.એમ. જયસ્વાલ બામરોલી, તા.શહેરા હાઈસ્કુલના સંચાલક જે છેલ્લા ત્રણ વર્ષથી ૧૦૦ % રીઝલ્ટ લાવનારા સંચાલક. જીવનના ૩૯ વર્ષ સુધી કાર્યરત રહી ગામની જિલ્લાની રાજયની દેશની સેવા કરનાર સ્વ.શ્રી વિનદભાઈ હરીલાલ જયસ્વાલનુ બેસણુ તથા ૧૨મુ તા.૨૫/૦૭/૨૦૨૨ના રોજ ૮ યોગેશ્વર સોસાયટી ખાતે સવારે ૯.૦૦ કલાકથી રાખેલ છે.

# દાહોદ ઘાંચીવાડા વિસ્તારમાં નિકાલમાં પૈસાની અદાવતમાં કાતરના ઘા મારી ઈજાઓ કરતા ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરમાં આવેલ મોટા ઘાંચીવાડા વિસ્તારમાં નિકાલમાં આપેલ પૈસાની અદાવત રાખ એક ઈસમે એક વ્યક્તિને કાતર વડે હુમલો કરી હાથના ભાગે તેમજ માથાના ભાગે કાતરના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડતાં લોહીલુહાણ હાલતમાં વ્યક્તિને નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હોવાનું જ્યારે હુમલો કરી ઈસમ નાસી ગયો હોવાનું જાણવ મળે છે.

ગત તા.૧૯મી જુલાઈના રોજ દાહોદ તાલુકાના રાબડાળ ગામે રહેતો કિરણભાઈ સેવાભાઈ ગોહીલ પોતાની સાથે હાથમાં કાતર લઈ દાહોદ શહેરમાં મોટા ઘાંચીવાડ વિસ્તારમાં રહેતાં લાલુભાઈ પરથીભાઈ રાઠોડના ઘરે આવ્યો હતો અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, ગઈકાલ તા.૧૮.૦૭.૨૦૨૨ના રોજ તારા છોકરા સાથે ઝઘડો તકરાર થયેલ જેમાં પંચ રાહે સમાધાન થયેલ જેમાં મારા પિતાજીને તારા છોકરાને પૈસા આપેલ, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની સાથે લાવેલ કાતરના ઘા લાલુભાઈને હાથના ભાગે અને માથાના ભાગે મારી લોહીલુહાણ કરી નાંખતાં વિસ્તારમાં આ ઘટનાને પગલે ખળભળાટ મચી જવા પામ્યો હતો. હુમલો કરી કિરણભાઈ નાસી ગયો હતો જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત લાલુભાઈને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત કિરણભાઈ પરથીભાઈ રાઠોડે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ઝાલોદ BJPમહામંત્રીએ કોન્ટ્રાકટરને ધમકાવતો ઓડિયો વાયરલ મામલે કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદન આપ્યુ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

થોડા દિવસો અગાઉ દાહોદ જિલ્લાના ઝાલોદના ભારતીય જનતા પાર્ટીની મહામંત્રીનો ઓડીયો ક્લીપ દાહોદ જિલ્લામાં ભારે વાઈરલ થવા પામ્યો છે જેમાં ભાજપના આ નેતા દ્વારા ખુલ્લેઆમ એક કોન્ટ્રાકટરને ધમકાવતો અવાર સ્પષ્ટ સંભાળી શકાય છે જેમાં કોંગ્રેસના કીધે કામ કરશો તો ભારે પડશે તેવી ધમકીઓ ભાજપા નેતા દ્વારા કોન્ટ્રાકટરને આપવામાં આવી રહી છે. આ ધમકી ભર્યો ઓડીયો ક્લીપ દાહોદ જિલ્લા રાજકારણમાં વાયુવેગે ફેલાતાં ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે બીજી તરફ આ મામલે દાહોદ જિલ્લા યુથ કોંગ્રેસ સમિતિ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરની આવેદનપત્ર આપી મહામંત્રી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે.

છેલ્લા બે દિવસથી દાહોદ જિલ્લાના સોશીયલ મીડીયામાં એક ઓડીયો ક્લીપ ભારે વાઈરલ થઈ રહ્યો છે જેમાં દાહોદ જિલ્લાના ઝાલોદના ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી વિનેશભાઈ ભુરીયાના અવાજમાં એક કોન્ટ્રાકટરને મોબાઈલ ફોન ઉપર ધમકાવતો ઓડીયો ક્લીપ વાઈરલ થયો છે જેમાં કોંગ્રેસના કીધે કામ કરશો તો કોન્ટ્રાકટરને ભારે પડશે અને બીલો અટકાવી દેવાની મહામંત્રી દ્વારા ધમકીઓ આપવામાં આવી રહી છે. મારે દાહોદના એમ.પી. થી લઈ કેન્દ્ર સુધી પહોંચ છે, બીલ પાસ નહીં થવા દઉ વિગેરે જેવી ધમકીઓ કોન્ટ્રાકટરને આપવામાં આવી છે. આ ભાજપાના નેતા દ્વારા પોતાના કાર્યકર્તાઓનું કહેવુ કરવું તેવી ધમકીઓ પણ આપવામાં આવી હતી ત્યારે આ ઓડીયો ક્લીપ સમગ્ર દાહોદ જિલ્લાના રાજકીય પક્ષો સહિત સોશીયલ મીડીયામાં વાઈરલ થતાં દાહોદ જિલ્લા રાજકારણમાં ખળભળાટ સહિત ચકચાર મચી જવા પામ્યો છે. ભાજપાની ખુલ્લેઆમ દાદાગીરી અને ખુલ્લેઆમ આ કોન્ટ્રાકટરને ધમકાવતા આ ઓડીયો ક્લીપને પગલે જિલ્લાવાસીઓમાં તરેહ તરેહની ચર્ચાઓ ભારે જોર પકડ્યું છે. ઓડીયો ક્લીપમાં ભાજપાના મહામંત્રી દ્વારા કોન્ટ્રાકટરને કહેવામાં આવી રહ્યું છે કે, ધોળાખાખરા ગામે સરપંચ કોંગ્રેસી છે, સરપંચની વહાણે ધોળાખાખરામાં લાગતા નહીં, નુકસાન તમને થશે, તમને ત્યાં ઉભા નહીં રહેવા દઉ, ભાભોર સાહેબનો પણ હું માણસ છું, તમારાથી રેકોર્ડ થાય તો પણ કરી લો, તમે અમારા કાર્ય થકીથી કામ કરો, અમારા કાર્યકર જે કહે તે જગ્યાએ કુવા તમારે કરવાના, સરપંચના વહાણે ના લાગતાં, તમે કરશો કે નહીં કરો તે અમને કહો, તમે ના પાડશો હું એમ.પી.ને પર્સનલી રજુઆત કરીશુ, તમે અમારા ભાજપ તરફી કાર્યકરને મળો, તેમની સાથે મુલાકાત કરો, તે કહે તેમ કરો, અમારા વિરૂધ્ધ તમો કામ કરશો તો તમને નુકસાન થશે, તમારૂં બીલ પાસ નહીં થવા દઉ, કોંગ્રેસના માણસ સાથે તમે કેમ કામ કરો છો, આ અમારો વિસ્તાર છે, અમારા માણસોનું કામ થવું જોઈએ, તમે મને મજબુર ના કરશો કે મારે રાજ્ય સરકારમાં જવુ પડે, વિગેરે જેવી અનેક ધમકીઓ આ ઓડીયો ક્લીપમાં કોન્ટ્રાકટરને આપવામાં આવી છે ત્યારે આ ઓડીયો ક્લીપ દાહોદ જિલ્લાના રાજકારણમાં ભાજપા પાર્ટીના તરફેણમાં ભુકંપ સર્જી નાખ્યો છે. લોકોમાં ભારતીય જનતા પાર્ટીની છબી તરફ અનેક સવાલો પણ ઉઠ્યાં પામ્યાં છે ત્યારે આ મામલે હજુ કોઈ સ્પષ્ટતા થવા પામી નથી કે આ ઓડીયો ક્લીપ ખરેખર ઝાલોદના મહામંત્રીનો છે કે નહીં પરંતુ આ વાઈરલ થયેલ ક્લીપને પગલે દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી આલમમાં પણ સ્તબ્ધતાનો માહોલ જોવા મળ્યો હતો ત્યારે આ મામલે આજરોજ દાહોદ જિલ્લા યુથ કોંગ્રેસ સમિતિ દ્વારા મહામંત્રી વિરૂધ્ધ કાયદેસરની માંગણી સાથે દાહોદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યાં હતાં અને મહામંત્રી વિરૂધ્ધ કાયદેસરની માંગ કરી હતી. મહામંત્રી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી ન કરવામાં આવે તો આગામી દિવસોમાં જિલ્લાના સરપંચો સાથે મળી ઉગ્ર આંદોલનની ચીમકી પણ દાહોદ જિલ્લા યુથ કોંગ્રેસ સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

# દે.બારીઆ નગરપાલિકા વિસ્તારનો તમામ કચરો ડમ્પિંગ સેન્ટરમાં લઈ જવામાં આવે તેવો હુકમ કોણ અને ક્યારે કરશે?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકામાં જયારથી સ્વચ્છ અભિયાનની શરૂઆત થઈ છે તે સમયથી ભિનો કચરો તેમજ સુકો કચરો અલગ અલગ બે ડસ્ટબીન તંત્ર દ્વારા આપવામાં આવ્યા હતા. મોતીપુરામાં એક ડંપિંગ પ્લાન્ટને કાર્યરત પણ કરાયો છે. તેમ છતાં નગરપાલિકાના કચરા વહન કરતા કર્મીઓ ભે દરવાજા બહાર રહેણાંક વિસ્તાર પાસે જ ગંદા અને વરસાદી પાણીના કાસની પાસે ટ્રેકટરમાં ભરેલો કચરાને ઠાલવીને જતા રહે છે. ખરેખર આ કચરાને ડંપિંગ સેન્ટરમાં ઠાલવવાના બદલે જાહેર રોડની સાઈડમાં આ કચરાને ઠાલવવામાં આવતા આ તમામ કચરો વરસાદી કાસના પાણી સાથે વહીને પાનમ નદીમાં વહીને જતો રહે છે. જેના કારણે પાનમ નદીનુ અમૃત સમાન પાણી પ્રદુષિત થાય છે. હાલમાં પોલીથીન પ્લાસ્ટિકની પાતળી થેલીઓ ઉપર કેન્દ્ર સરકારે સંપુર્ણ પ્રતિબંધ મુકયો છે. શહેરના જાહેર ઉકરડા કચરમાં ૯૦% પોલીથીનની થેલીઓ હોય છે. જેના કારણે ગંભીર પ્રદુષણ ફેલાતો અટકાવવા માટે સેનટરી વિભાગ એકશનમાં આવે અને સફાઈ કર્મીઓને કડકમાં કડક સુચનાઓ આપી આ શહેરનો તમામ કચરો ડમ્પિંગ પ્લાન્ટમાં જ ખાણ કરાય તેવી પર્યાવરણવાદીઓની માંગ છે.

દે.બારીઆ પાલિકાના સેનટરી વિભાગના જવાબદાર પદના અધિકારી તથા ચીફ ઓફિસર પોલીથીનનુ પ્રદુષણ અટકાવવા માટે પગલા ભરે, અને જો જાહેર ઉકરડા ઉપર કચરાને સંઘ માટે કન્ટેનર હાલમાં ગાયબ છે. તેને ફરી મુકવામાં આવે જે જુના કન્ટેનરોની જાહેર હરાજી કરીને નવા કન્ટેનર રચના સંઘ માટે મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.નહિ તો મુંગા પશુઓ ખોરાકની શોધમાં પોલીથીન થેલીઓઓના શિકાર થતા હોય છે. મુંગા પશુઓના પેટમાં પોલીથીન થેલીઓ જતી અટકશે તેવુ પશુ પ્રેમીઓની માંગ છે.

# વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત દાહોદનાં ભીટોડી અને આગાવાડા ખાતે કાર્યક્રમ યોજાયો



દાહોદ,

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત દાહોદ તાલુકાના ભિટોડી મુખ્ય પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ઝીથરાભાઈ ડામોર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરાયા હતા. તેમજ લાભાર્થી નાગરિકોને વિવિધ યોજનાઓના લાભ મહાનુભાવોએ વિતરિત કર્યા હતા.

ઝીથરાભાઈ ડામોરે ગ્રામજનોને રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલા વિકાસનો ચિતાર આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, રાજ્યે છેલ્લા બે દાયકામાં વિકાસના નવાં સીમાચિહ્નો સર કર્યા છે. દેશમાં રાજ્ય વિકાસના એક રોલ મોડેલ તરીકે ઉભરી આવ્યું છે. વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે જે સરકારની મોટી સિદ્ધિ છે એમ જણાવી તેમણે ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ અવશ્ય લેવા જણાવ્યું હતું.

વંદે ગુજરાત વિકાસ યાત્રાના આજે અંતિમ દિવસે ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓના લાભનું મહાનુભાવોએ વિતરણ કર્યું હતું. તેમજ સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. સાથે જેમણે કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ ન લીધો હોય તેમને સત્વરે વેક્સિન લઈ લેવા અપીલ કરાઈ હતી.

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત આજે સવારે ભીટોડી મુખ્ય પ્રાથમિક શાળા તેમજ સાંજે આગાવાડા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ગ્રામજનોએ વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથનું પોતાના ગામમાં સ્વાગત કર્યું હતું અને આ રથ સાથે દર્શાવાતી રાજયના બે દાયકાના વિકાસની વાત કરતી ફિલ્મને રસપૂર્વક નિહાળી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચઓ, સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# દેવગઢ બારીયા તાલુકાની દશ શાળાઓમાં આહાર ટ્રસ્ટની શિક્ષણીક સહાય



દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકાની ૧૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કે જયાં મોટેભાગે ગરીબ/આદિવાસી લોકોના બાળકો અભ્યાસ કરેછે તેઓને અભ્યાસમાં પ્રોત્સાહન તરીકે આહાર ટ્રસ્ટ દેવગઢ બારીયા થકી ૧૫૦૦ જેટલા બાળકોને લોકફાળાની મદદથી લગભગ ૧ લાખ રૂપિયાની નોટબુકો–કંપાસ બોક્સ–ચોપડા–દેશીહિસાબ–બોલપેન–સ્લેટ–પેન–લંચ બોકસ–વગેરે વહેંચવામાં આવ્યુ. આ સ્કૂલોમાં દેવગઢ બારીયાની સૌથી જૂની તાલુકા સ્કૂલ–મહારાણી કન્યાશાળા–મોતીપુરા સ્કૂલ–મંદિર ફળીયા સ્કૂલ–ઉપરાંત બારીયા તાલુકાની ડાંગરિયા સ્કૂલ–સીંગોર સ્કૂલ–આંકલી સ્કૂલ–ખેડા ફળીયા કાલીડુંગરી સ્કૂલ–ઝોરા ફળીયા કાલીડુંગરી સ્કૂલ–સૌથી અંતિરિયાલ વિસ્તાર કે જયાં ની ૧૦૦/ટકા વસ્તી આદિવાસીઓની છે તે ગામ દિવ્યા ની સ્કૂલ વગેરેમાં બાળકોને શિક્ષણ સહાય મળતા સૌ બાળકોમાં આનંદની લાગણીઓ ઉભરી આવી હતી. આમાંની કેટલીક સ્કૂલોમાં સૌ પ્રથમ વખત કોઈની શિક્ષણ સહાય આવતા બાળકોએ આનંદમાં કીકીયારીઓ પાડી ઉઠ્યા હતા. આહાર ટ્રસ્ટ દેવગઢબારીયામાં ગરીબ અને જરૂરિયાતમંદોને વર્ષોથી ભોજન તો આપે જ છે પણ અગાઉ આ સંસ્થા એ ચાર વર્ષ પહેલાં લોકફાળાની મદદથી રૂપિયા ૧ કરોડના ખર્ચે બારીયાની ૧૪૦ વર્ષ જૂની બે સરકારી શાળા ઓનું અદ્યતન સુવિધાઓ સાથે નવીનીકરણ કરી ગરીબ લોકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરેલ. આમ આહાર ટ્રસ્ટ ગામના ગરીબ લોકો માટે ભોજન–સારવાર તથા શિક્ષણ સહાય માટે સદાય આશીર્વાદ સમું રહ્યું છે.

# દાહોદ જિલ્લામાં બે દિવસમાં ૬ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા બે દિવસમાં કોરોનાના કુલ ૦૬ કેસો નોંધાંતાં જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદ જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૧ને પાર થઈ જવા પામી છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંય મહિનાઓથી કોરોનાની દસ્તક ન હતી. લોકોમાં કોરોના પ્રત્યેની સજાગતા પણ ધીમે ધીમે દુર થવા માંડી હતી. લગભગ કોરોના જતો રહ્યો તેવી લાપરવાહીના કારણે લોકોએ સાવચેતીના પગલાં લેવાનું બંધ કરી લીધું હતું ત્યારે છેલ્લા કેટલાંક દિવસોથી દાહોદ જિલ્લામાં કોરોનાના એકલ દોકલ કેસોને પગલે દાહોદ જિલ્લામાં ફરીવાર કોરોનાએ દસ્તક દીધી છે. છેલ્લા બે દિવસમાં દાહોદ જિલ્લામાં કુલ ૦૬ કોરોના પોઝીટીવ કેસો આવી ચુક્યાં છે. તારીખ ૧૯મી જુલાઈના રોજ આવેલ ૦૩ કેસો પૈકી ૦૧ દાહોદ અર્બનમાંથી, ૧ ઝાલોદ ગ્રામ્યમાંથી અને ૧ લીમખેડામાંથી કોરોનાના કેસો સામે આવ્યાં હતાં તેવી જ રીતે આજે એટલે કે, તારીખ ૨૦મી જુલાઈના રોજ પણ ૦૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાંયાં છે જેમાં દાહોદ ગ્રામ્યમાંથી ૦૨ અને ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૮૫૪૬ને પાર થવા પામ્યો છે અને એક્ટીવ કેસનો આંકડો ૧૧ને પાર થવા પામ્યો છે.

# DDO નેહાકુમારીએ સરકારી યોજનાઓનો ગામમાં પ્રસાર કરવા માટે કામ કરતા ગ્રામજનોનું કર્યું સન્માન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ગત રોજ આનંદી સંસ્થા સાથે જોડાયેલા ગ્રામસભાના સભ્યો અને ગ્રામજનોને પોતાના ગામમાં સરકારી યોજનાઓને સારી રીતે પ્રસાર કરવા, યોજનાઓને જનજન સુધી પહોંચતા કરવા કરેલા પ્રયાસો માટે પ્રશસ્તિપત્ર આપીને સન્માન કર્યું હતું.

જિલ્લામાં ગ્રામ્યસ્તરે વંચિતોના વિકાસ માટે કામ કરતી આનંદી સંસ્થા સાથે જોડાયેલા ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારીને પોતાના અનુભવો જણાવ્યા હતા. તેમણે કોરોના સમયે કરેલી કામગીરીને વર્ણવી હતી અને તેમણે પહેલ કરી કોરોના વેક્સિન લેવાથી પ્રેરિત થઈને ગામના અન્ય લોકો પણ વેક્સિન લેવા પ્રેરિત થયા હતા તેમ જણાવ્યું હતું. તેમણે ગામમાં વિવિધ સરકારી યોજનાઓને સામાન્ય લોકો સુધી પહોંચાડવા કરેલી જહેમતની વાત કરી હતી તેમજ તેમા પડી રહેલી મુશ્કેલીઓની વાત પણ જણાવી હતી.

નેહા કુમારીએ આનંદી સંસ્થા સાથે જોડાઈને કામ કરી રહેલા ગ્રામસભાના સભ્યો તેમજ ગ્રામજનોનું સ્થાનિક સ્તરે સરસ કામગીરી માટે પ્રશંસા કરી હતી અને સરકારી યોજનાઓને લાગુ કરવામાં પડી રહેલી મુશ્કેલીઓને દૂર કરવા પણ જણાવ્યું હતું. ગ્રામ્યસ્તરે મહિલાઓ દ્વારા કરાઈ રહેલી કામગીરી ઉદાહરણીય છે તેમ જણાવ્યું હતું તેમજ ગ્રામ્ય સ્તરે સારી રીતે યોજનોઓ લાગુ કરવા માટે લોકજાગૃતિ અનિવાર્ય હોવાનું જણાવી સેવાભાવી સંસ્થાઓની ભૂમિકા મહત્વનું હોવાનું જણાવી આનંદી સંસ્થા દ્વારા કરાઈ રહેલી કામગીરીને બિરદાવી હતી.

# સંજેલીના કરંબા ગામે છોકરી સોંપવાના મામલે ૧૧ ઈસમોએ પથ્થરમારો કરી તોડફોડ કરી નુકસાન કર્યુ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામે છોકરી પરત સોંપવાના મામલે ૧૧ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એકના ઘરે આવી ઘર ઉપર પથ્થર મારો કરી ઘરમાં ઘુસી જઈ તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૯મી જુલાઈના રોજ ઝાલોદ તાલુકાના સીમળીયા ગામે મહેલીયા ફળિયામાં રહેતાં લાલસીંગભાઈ સુરસીંગભાઈ કિશોરી, નવરસીંગ લાલસીંગભાઈ કિશોરી, રસીયાભાઈ ભુરસિંગભાઈ કિશોરી તથા તેમની સાથે અન્ય ઈસમો મળી કુલ ૧૧ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી સંજેલી તાલુકાના કરંબા ગામે નવીપુરી ફળિયામાં રહેતી સમસુભાઈ તીજીયાભાઈ ચરપોટના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, છોકરી લઈ ગયેલ હોઈ જે છોકરીને પરત કેમ સોંપતાં નથી, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને છુટ્ટા પથ્થરો સમસુભાઈના ઘર ઉપર મારી, ઘરમાં ટોળુ ઘુસી જઈ તોડફોડ કરી નુક્સાન પહોંચાડી, મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે સમસુભાઈ તીજીયાભાઈ ચરપોટે સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા (SPCA) પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતી ની જિલ્લાની બેઠક યોજાઇ



દાહોદ,

દાહોદ જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ (spca)ની બેઠક દાહોદ કલેકટર હર્ષિત ગોસાવીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સમિતિની બેઠકનું આયોજન જિલ્લા પંચાયત પશુપાલન વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં દાહોદ કલેકટર દ્વારા ચોમાસાને ધ્યાને લઇ રોડ રસ્તા ઉપર ત્યજી દીધેલા પશુઓ ના અકસ્માત ના થાય પશુઓને તકલીફ ના પડે તે માટે યોગ્ય પગલાં ભરવા કહ્યું હતું. આ બેઠકમાં આ વર્ષે કુલ અત્યાર સુધી એપ્રિલ મહિનામાં ૭૯, મે મહિનામાં ૮૯ અને જૂનમાં ૮૬ પશુઓ ની સારવાર કરવામાં આવી છે. અને વર્ષ ૨૧–૨૨ દરમિયાન પોલીસ દ્વારા બચાવી લેવાયેલ પશુઓના નિભાવ ખર્ચ માટે અનાજ મહાજન ગૌશાળા દાહોદ ને રૂપિયા બે લાખ ચાર હજાર ત્રણસો તથા યતિન્દ્ર જયંત ગૌશાળા ઝાલોદ ને બે લાખ સાડત્રીસ હાજર આઠસો પંચાવન મળી કુલ ચાર લાખ બેતાલીસ હજાર એકસો પંચાવન રૂપિયાની સહાય ચૂકવવામાં આવી હતી. આ બેઠકમાં દાહોદ જિલ્લા કલેક્ટર હર્ષિત ગોસાવિ, ડીડીઓ નેહાકુમરી, Dysp પરેશ સોલંકી, ડો.કે.એલ. ગોસાઈ, ડો.મનોજ મહેતા, સરકારી વકીલ અજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા અને તદુપરાંત ગૌ હત્યા રોકવા અને ત્યજી દીધેલા ઢોર વિષય ઉપર કમિટીના સભ્યો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી જે બાબતે કમિટીના પ્રમુખ દાહોદ કલેકટર હર્ષિત ગોસવિ એ આ બાબતે ઘટતું કરવા માટે તાત્કાલિક સૂચનાઓ આપવામાં આવી હતી.

# ધાનપુરના રૈચાવણ ગામથી ૩૦ વર્ષિય યુવકનું અપહરણ કરી જતાં ચકચાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રૈચાવણ ગામેથી એક ૩૦ વર્ષીય યુવકનું અજાણ્યા ઈસમો દ્વારા અપહરણ કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ગત તા.૧૭મી જુલાઈના રોજ રૈચાવણ ગામે પટેલ ફળિયામાં રહેતાં ૩૦ વર્ષીય રાજુભાઈ સોમાભાઈ બામણીયાને સાંજના આશરે ૬ વાગ્યાના આસપાસ છક્ડો લઈને પીપેરો આશ્રમ નજીક આવે પોતાની દુકાને જવા નીકળ્યાં હતાં તે દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમો દ્વારા રાજુભાઈનું અપહરણ કરી લઈ નાસી જતાં પરિવારજનો દ્વારા રાજુભાઈની ભારે શોધખોળ આદર્યા બાદ પણ તેઓ ન મળતાં આખરે હારી થાકેલા પરિવારજનો રાજુભાઈની ભાણ મેળવવા પોલીસની શરણે આવ્યાં હતાં અને આ સંબંધે રૈચાવણ ગામે પટેલ ફળિયામાં રહેતાં ગુલાબભાઈ સોમાભાઈ બામણીયાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા તાલુકાના મણીપુર જંગલમાંથી સેન્ટ્રો કારમાં લઈ જવાતા પક્ષીના માંસ તથા મરેલ સસલુ સાથે એક ઈસમ ઝડપાયો

ગોધરા,

ગોધરા તાલુકાના મણીપુર જંગલમાંથી વેજલપુર પોલીસે સેન્ટ્રો કારમાં મીણીયા થેલીમાં પક્ષીનુ માંસ તથા મરણ ગયેલ સસલુ ભરીને લઈ જવાતા ૨,૧૧,૧૦૦/–રૂ.નો મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપ્યો અને બે ઈસમો નાસી છુટ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના મણીપુર જંગલ તરફથી આવતી સેન્ટ્રો કાર નં–જીજે–૦૬–સીએમ–૪૬૦૫ ને વેજલપુર પોલીસે રોકતા બે ઈસમો નાસી છુટ્યા હતા. પોલીસે ચાલકને ઝડપી પાડી વાહનને ચેકિંગ કરતા કારમાંથી મીણીયા થેલામાંથી પક્ષીનુ માંસ તથા મરણ ગયેલ સસલુ મળી કિ.રૂ.૨,૧૧,૧૦૦/–નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

# લીમખેડાના ઢઢેલા ગામે કુઝર ગાડી ટ્રક સાથે અથડાતા ગાડીમાં બેઠેલ દંપતિ અને બે બાળકોને ઈજાઓ : ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા ઢઢેલા ગામે એક પેસેન્જર ભરેલ કુઝર ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે હંકારી લાવતાં રસ્તાની સાઈઢમાં ઉભેલ એકને પાછળથી ધડાકાભે અથડાવતાં કુઝર ગાડીમાં સવાર એક દંપતિ પૈકી તેમના બે પુત્રો મળી ચાર જણાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી જ્યારે ગાડીના ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી જુલાઈના રોજ ધર્મેન્દ્રકુમાર ગીરધરલાલ વાળંદ (રહે. ગાંગરડી, ટુંકીવજુ રોડ, સરકારી મંડળીની સામે, તા.ગરબાડા, જિ.દાહોદ) નાએ પોતાના કબજાની કુઝર ફોર વ્હીલર ગાડીમાં પેસેન્જરો ભરી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લીમખેડા તાલુકાના ઢઢેલા ગામેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે રસ્તાની સાઈડમાં ડીવાઈડરને અડીને ઉભેલ ટ્રકને ખાલી સાઈડે પાછળના ભાગે જોશભેર અથડાવતાં કુઝર ગાડીમાં સવાર ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે ટુંકીવજુ ગામે સરકારી મંડળીની સામે રહેતાં દિપ રજનીકાંત શાહ, ચાંદનીબેન દિપ શાહ, હેલીબેન દિપ શાહ (ઉ.વ. ૬) તથા આવ્યાન દિપ શાહ (ઉ.વ. ૦૧) ને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી જ્યારે ગાડીના ચાલક ધર્મેન્દ્રકુમારને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

આ સંબંધે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.279

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## હાલોલ GIDCના ૭૦૦ યુનિટો બંધ થવાની કગાર પર

# માઈક્રોનમાં વારંવાર થતાં વધારાથી પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગનાં યુનિટો પર મહાસંકટ, હજારો કામદાર થશે બેરોજગાર

હાલોલ,

હાલોલ જી.આઈ ડી.સી ખાતે પ્લાસ્ટિક યુનિટો ઉપર હજારો કામદારો પોતાનુ રોજગાર મેળવે છે. ત્યારે બુધવારના રોજ કામદારોએ ન્યાય માટે માંગ કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના પ્રયાસોમાં સાથે ઉભા રહેલા. ઉધોગપતિઓના માથે જ સંકટ૭૦૦ જેટલા યુનિટોનાં માલિકો કરોડોના દેવાઓમાં ડૂબશે. ગુજરાતમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે વારંવાર બદલાતા નિયમોના પગલે હાલોલ જી.આઇ.ડી.સી. ખાતે આવેલ અંદાઝે ૭૦૦ જેટલા યુનિટો બંધ થાય એવા



એંધાણોના પગલે હાહાકાર પ્રસરી જવા પામ્યો છે. એટલા માટે કે મહિલાઓ સહિત અંદાઝે ૭૫ હજારથી વધુ કામદારોને રોજગારીઓ આપનારા સ્મોલ સ્કેલ યુનિટો બંધ થઈ જાય તો



હજારો લોકો રોજગારીઓ વગરના બેકાર થઈ જશે. જેનો ભય ગરીબ કામદારોના પરિવારોમાં પ્રસરી જવા પામ્યો છે. તો સાથોસાથ આ પ્લાસ્ટિક યુનિટોના માલિકો પણ આર્થિક દેવાઓમાં ડૂબી જશે નો ડર ફેલાય ચુક્યો છે. આ યુનિટો બંધ થવાથી સરકારને પણ કરોડોની આવક ગુમાવવી પડશે, એ પણ એક હકીકત છે. પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગનાં યુનિયો પર મહાસંકટ ગુજરાત સરકાર દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ના કેરીબેગ્સમાં માઈક્રોનમાં વારંવાર થતાં વધારામાં (૨૦માઈક્રોનથી ૧૨૦ માઈક્રોન)ના પગલે હાલોલ જી.આઇ.ડી.સી.માં દેશના સૌથી મોટા સ્મોલ સ્કેલ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગનાં અંદાજે ૭૦૦ જેટલા યુનિટો ઉપર મહાસંકટ ઘેરાયું છે. જો આ યુનિટો બંધ થાય તો રાષ્ટ્રીય સંપતિને અંદાજે ૭૦૦ કરોડનું નુકસાન થાય એમ છે. ૭૫ હજાર કર્મચારીઓ ૫૦% મહિલાઓ સામેલ આ યુનીટોમાં કામ કરતા કારીગરો તેમજ પેકિંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા અંદાજે ૭૫ હજાર ઉપરાંત કર્મચારીઓ કે જેમાં ૫૦% મહિલાઓ સામેલ છે. આ તમામ રોજગારીઓ ગુમાવે એવી પરિસ્થિતિઓ શરૂ થવા પામી છે.હાલોલ ખાતે આવેલ આ સ્મોલ સ્કેલ પ્લાસ્ટિક મેન્યુફેક્ચરરિંગ ૭૦૦ જેટલા યુનિટોમાંથી GST પેટે સરકારને અંદાજે ૨૫ કરોડની આવક થાય છે. દર મહિને લાઈટ બિલો પેટે એમ.જી.વી.સી.એલ ને અંદાઝે ૧૨ કરોડની આવક થતી હોય છે.હાલોલ જી.આઈ ડી.સી. વિસ્તારમાં કામ કરતા તમામ કામદારો બુધવાર ના રોજ એકત્ર થઈ રજૂઆત દર્શાવી હતી.

## પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદથી થયેલ નુકસાનના જાત નિરીક્ષણ માટે મંત્રી રાઘવજી પટેલ જિલ્લાની મુલાકાતે

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગત દિવસોમા ભારે વરસાદ નોંધાયો હતો જેમાં જિલ્લાના ચેરાપુંજી ગણાતા જાંબુઘોડા તાલુકામાં ભારે વરસાદ નોધાયો હતો. જેના કારણે થયેલ નુકશાનના જાત નિરીક્ષણ માટે રાજયના કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન વિભાગના મંત્રી રાઘવજી પટેલએ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના અતિવૃષ્ટીગ્રસ્ત ડુમા ગામની મુલાકાત લઈને સ્થળ નિરીક્ષણ કર્યુ હતુ. મંત્રીએ ડુમા ગામની મુલાકાત લઈને ભારે વરસાદથી થયેલ નુકસાન બાબતે અસરગ્રસ્તો સાથે સંવાદ સાધી સરકાર તરફથી મળતી સહાય બાબતે સબંધિત અધીકારીગણોને સર્વે કરાવી જરૂરી સહાય આપવા જણાવ્યું હતુ.



આ પ્રસંગે મંત્રીએ ડુમા ગામની પ્રાથમિક શાળામા ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતુ કે તાજેતરમાં અતિવૃષ્ટિના કારણે આ વિસ્તારમાં થયેલ નુકસાન બાબતે રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે મુલાકાત લેવા આવ્યો છું. જેમા અત્રે થયેલ નુકસાન બાબતે સરકાર તરફથી તમામ પ્રકારની સહાય ચુકવવામા આવશે. વધુમા તેમણે કહ્યુ કે ખેતીવાડી નુકસાન, જમીન ધોવાણ, જાનમાલને નુકસાન, માનવ મૃત્યુ, પશુ મૃત્યુ, મકાન પડી જવું વગેરે બાબતોમા સરકાર તરફથી તમામ પ્રકારની મદદ કરવામાં આવશે.

મંત્રી જણાવ્યું કે સરકારશ્રી આ વિસ્તારમાં સતત સક્રિય થઈ બચાવ અને રાહતની કામગીરી સમયસર કરવામાં આવી છે. તેમણે વહીવટી તંત્રએ સર્તકતા દાખવી મુશ્કેલીના સમયે આ વિસ્તારમા કરેલ ત્વરિત કામગીરીની સરાહના કરી હતી.

આ મુલાકાત સમયે મંત્રીએ ડુમા ગામના ખેડુત શારદાબેન નાયકના ખેતરની મુલાકાત લઈને જમીન ધોવાણ બાબતે સ્થળ નિરીક્ષણ કરી સબંધીત અધીકારીઓને જરૂરી સલાહ સુચનો સાથે માર્ગદર્શિત કર્યા હતા.

મંત્રીની મુલાકાત વેળાએ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, પ્રાંત અધીકારી, પદાધિકારીઓ તેમજ વિવિધ વિભાગના સંબધિત અધિકારીઓ સહિત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગોધરા તાલુકામાં સ્વામિત્વે પ્રોજેક્ટ હેઠળ ડ્રોન મારફતે કરાતી

## સર્વેની કામગીરીની યોજનાકિય માહિતી માટે ખાસ ગ્રામસભામાં માહિતી યોજાય તેવી માંગ BJP અગ્રણિ નેતા દ્વારા કરાઈ

ગોધરા,

ગોધરા તાલુકામાં સ્વામિત્વ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ડ્રોન દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટની સર્વે અંગે ગ્રામ પંચાયતોમાં ખાસ ગ્રામસભા બોલાવી પ્રચાર પ્રસાર કરવામાં આવે તેવી માંગ બી.જે.પી.ના અગ્રણી એવા ગોપાલભાઈ પટેલ દ્વારા કરી જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી હતી.

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં સ્વામિત્વ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ડ્રોન દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે. સ્વામિત્વ પ્રોજેક્ટ હેઠળ મિલ્કતોનુ સચોટ સર્વે ગ્રામજનોની આકરણી પત્રક પર થયેલ મકાનો તથા ગામતળની ઘરથાળો માટે સાચુ પ્રમાણપત્ર મળે તે માટે ગ્રામ્ય કક્ષાએ ગામતળના મકાન તથા ખુલ્લી ઘરથાળોની જમીનમાં નિશાન કરી આ પ્રોજેક્ટની માહિતી આપવી જરૂરી છે. જેના માટે તાલુકા વિકાસ અધિકારી, સરપંચ, તલાટી કમ મંત્રી, દ્વારા ખાસ ગ્રામસભાનુ આયોજન કરી યોજનાકિય માહિતી આપવામાં આવે તો જ સાચુ ગામતળની મિલ્કતોનુ સર્વે થઈ શકે તેમ છે. ગ્રામ પંચાયતોમાં ઘણા સમયથી આકરણી કરવામાં આવી નથી. જેથી નવેસરથી આકરણી કરી સાચી આકરણી મુજબ મકાનોનુ રજીસ્ટર બનાવવામાં આવે તે યોજના અન્વયે સુચના આપવામાં આવે. હાલમાં મનસ્વી રીતે હદ નિશાન બહાર સર્વે થઈ રહ્યા છે. જેને લઈ ભવિષ્યમાં વિવાદ ઝઘડાયો તેમજ ગામતળનો માલિક બીજો બને તેવા પ્રસંગો ઉભા થાય તેમ છે. અગાઉ જમીન રિસર્વે કામગીરીમાં એજન્સી દ્વારા સ્થળ ઉપર હાજર રહી માપણી કર્યા વગર ઓફિસમાં બેઠા સર્વે કરવામાં જેને લઈ ખેડુતોને નુકસાન થયેલ હતુ. અને સરકારશ્રીની ખોટી છાપ ઉભી થઈ હતી. લાખો રૂપિયાનો વ્યય રિસર્વે પ્રોજેકટમાં થયેલ હતો. જે સ્વામિત્વે પ્રોજેકટમાં થઈ શકે છે ત્યારે જિલ્લાની ગોધરા તાલુકા સહિત તમામ તાલુકાના ગ્રામ પંચાયતોમાં જિલ્લા કલેકટરની સુચનાથી જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી ખાસ ગ્રામસભા બોલાવીને પ્રોજેકટની માહિતી આપવામાં આવે તેવી માંગ સાથે ગુજરાત પ્રદેશ કારોબારી સભય અને બી.જે.પી. અગ્રણિ એવા ગોપાલભાઈ પટેલ દ્વારા જિલ્લા કલેકટરને લેખિતમાં રજુઆત કરાઈ છે.

### ગોધરાના કાસુડી પીપળીયા ફળિયામાં

## બાઈક અથડાવવા મામલે થયેલ ઝઘડાની અદાવતે આરોપીએ કાસુડીના રહિશને અપહરણ કરી દોરડાં વડે બાંધી માર મારતા ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના જાફરાબાદ કાસુડી પીપળીયા ફળિયા પાસેથી જયુપિટર લઈને આવતા હતા ત્યારે સ્પ્લેન્ટર બાઈક ચાલકે સાઈડ મારીને જયુપિટરને ટકકર મારી હતી જેની બોલાચાલી બાદ સમાધાન થયેલ આ ઝઘડાની અદાવત રાખી આરોપીએ વાહનોમાં ૫૦ થી ૬૦ જેટલા માણસોનુ ટોળુ લઈઆવી ઝઘડો કરી મારમારી ફરિયાદીના પતિને મોર ડુંગરા ગામે લઈ જઈ આઈસર ગાડીના દોરડા વડે બાંધી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના જાફરાબાદ કાસુડી પીપળીયા ફળિયા પાસેથી રાજેન્દ્રસિંહ પોતાની જયુપિટર ગાડી નં–જીજે–૧૭–બીકયુ–૩૬૨૩ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પ્લેન્ડર ચાલકે જયુપિટરને ટકકર મારતા બોલચાલી થઈ હતી બાદ સમાધાન થયેલ હતુ બાદ આ ઝઘડાની અદાવત રાખી આરોપીઓ સુભાષભાઈ કાંતિભાઈ, દિલીપભાઈ ભરતભાઈ, નવરતભાઈ મનસુખભાઈ, રામસિંહ ગુલાબસિંહ પોળ, મુકેશ સાવતભાઈ પોળ, હસમુખભાઈ કાંતિભાઈ, રાજુ મોહનભાઈ પોળ (રહે.મોર ડુંગરા, તા.ગોધરા) રાજેન્દ્રભાઈની દુકાને આવ્યા હતા સાથે બે તુફાન અને વેગનઆરમાં ૫૦ થી ૬૦ વ્યકિતઓના ટોળા રાખી રાજેન્દ્રભાઈને ગાળો આપી લોખંડની પાઈપો વડે માર માર્યો હતો. વચ્ચે છોડાવવા પડેલ રાજેન્દ્રભાઈની માતા સાથે ઝઘડો કરીને રાજેન્દ્રભાઈને તુફાન ગાડીમાં નાંખીને મોર ડુંગરા ગામે લઈ જઈને આઈસર ગાડીના દોરડા ગળાના ભાગે બાંધી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે સાત ઈસમો સામે નામજોગ તેમજ ૫૦ થી ૬૦ના ટોળા સામે ફરિયાદ નોંધાવવા પામી હતી.

## મોરવા(હ)ના રજાયતા ગામે ૩૮ વર્ષિય મહિલાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ગોધરા,

મોરવા(હ)તાલુકાના રજાયતા ગામે રહેતા ૩૮ વર્ષિય મહિલાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)ના રજાયતા ગામે રહેતી કમલાબેન દલસુખભાઈ ગરાસિયા(ઉ.વ.૩૮)એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે દોરડા વડે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લઈ જીવન ટુંકાવી લેતા આ બાબતે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## હાલોલ ભાજપ શાષિત નગરપાલિકાના અને ગટર વ્યવસ્થા બોર્ડના પાપે છેલ્લા અઢી વર્ષથી હાડમારીયો ભોગવતી હાલોલની જનતા



હાલોલ,

હાલોલ નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા અઢી વર્ષ ઉપરાંતથી શહેરના મુખ્ય રસ્તાઓ અને સોસાયટી, ફળિયાઓના રસ્તાઓમાં રોડ–રસ્તા અને ગટરની કામગીરી ચાલી રહી છે. ગોકળ ગતિની કામગીરીને લીધે સમગ્ર હાલોલ ખાળા નગરમાં પરિવર્તિત થઈ ગયું છે. જ્યાં જુઓ ત્યાં મસ્ત મોટા ખાડાઓ, કાદવ–કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય નજરે ચડે છે. હાલના ચોમાસાના સમયમાં તો મુખ્ય રસ્તા ઉપર ચાલતા તો ઠીક વાહન લઈને પણ નીકળાય નહીં તેવી પરિસ્થિતિઓ સર્જાઈ છે. હાલોલ વિસ્તારની ઘણી બધી સોસાયટીઓમાં પણ આવી જ પરિસ્થિતિ છે. સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ રોડ રસ્તા અને ગટર માટે ફળવાઈ હોય પણ આવી જ હાડમારીયો જનતાને ભોગવવાની હોય તે કેવી રીતે ચલાવી લેવાય આ વિષયને લઈને હાલોલની સમગ્ર જનતામાં રોશ ભભૂકી ઉઠ્યો છે. ભાજપને ખોબલેને ખોબલે મત આપનાર નાગરિકો પણ આ જોઈને દુઃખ અનુભવી રહ્યા છે, ના તો જે તે વોર્ડ વિસ્તારના કોઈ કોર્પોરેટર કે નગરપાલિકાના કોઈ અધિકારી પણ જોવા આવતા નથી. આમ સમગ્ર હાલોલ ખાડામય થતા હાલોલ નાગરિકોમાં બહુ જ મોટો ચર્ચા નો વિષય થઈ ગયો છે. આ વિષયને લઈને વિરોધ પક્ષના કોંગ્રેસ મહામંત્રી ગુરૂરાજસિંહ ચૌહાણ એ પોતાની પ્રતિક્રિયા આપી.

## ગોધરા અટલ બાગમાંથી વૃક્ષોનુ છેદન કરી રાતના સમયે ટેમ્પોમાં લઈ જવાતા અનેક તર્કવિતર્કો

ગોધરા,

ગોધરા શહેરમાં આવેલ બગીચામાંથી વૃક્ષોનુ આડેધડ છેદન કરવામાં આવી રહ્યુ છે.પ્રશ્ન થાય છે કે બગીચામાં ઉભા વૃક્ષો પાલિકાને શુ નડી રહ્યા છે ? એકતરફ વૃક્ષો ઉગાડવા માટેના પ્રયાસો સાથે લાખો રૂપિયા ખર્ચ કરાઈ રહ્યા છે ત્યારે બગીચામાંથી વૃક્ષો કાપવા માટે પાલિકામા ઠરાવ કરીને મંજુરી અપાઈ છે કેમ તે ચર્ચાનો વિષય બન્યો છે.

ગોધરા નગરપાલિકા હસ્તકનો અટલ બાગમાંથી અગાઉ પણ રિડેવલોપમેન્ટના નામે વૃક્ષો કાપી નાંખવામાં આવ્યા હતા અને બગીચાનુ રિનોવેશન નામે ફારસ કરવામાં આવ્યુ છે. તેનાથી નગરજનો વાકેફ છે. પરંતુ હાલમાં બગીચામાંથી પાલિકા દ્વારા વૃક્ષોનુ છેદન કરાવવામાં આવી રહ્યુ છે. અને રાત્રિના સમયે ટેમ્પોમાં લાકડાનો જથ્થો ભરીને લઈ જવાઈ રહ્યો છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, એકતરફ સરકાર વૃક્ષો વાવવા માટે લાખો રૂપિયાનુ એંધાણ કરવામાં આવી રહ્યુ છે ત્યારે બીજી તરફ ગોધરા પાલિકા દ્વારા બગીચામાંથી વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે ત્યારે બગીચામાંથી વૃક્ષો કાપવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે અને કોની પરવાનગીથી વૃક્ષો કપાઈ રહ્યા છે તેની તપાસ થવી જરૂરી છે.

## હાલોલના ચાચડિયામાં વરસાદમાં વીજળી ગુમ થતા ઘરમાં મોંઘા ભાવના તેલના ખડિયે ઘરકામ કરવાનો વારો



હાલોલ,

હાલોલના તાલુકાના ચાંચડીયા ગામમાં ૧૫ જેટલા ખેડૂત પરિવારોને ૨૦ દિવસથી વીજપ્રવાહ ના મળતા મોંઘા તેલના દિવે અજવાળું કરવું પડે છે. હાલોલ તાલુકાના ગોવિંદપુરી થી અરાદ રોડ પર આવેલ ચાચડીયા ગામના ૧૫ જેટલા પરિવારોને વરસાદ શરૂ થતા જ તેમનાં ઘર અને કુવા મોટરના વીજ પ્રવાહો છેલ્લા ૨૦ દિવસથી મળતા નથી. જોકે આ તમામ ખેડૂત પરિવારોને ઈટવાડી ફીડરમાંથી પાવર સપ્લાય પૂરો પાડવામાં આવે છે. પરંતુ ચોમાસામાં પ્રિમોન્સ કામગીરી તેમજ ફીડર પર લગાવેલી ખુલ્લી ફ્યુઝ પેટી માં ફ્યુઝ વગર ના ખુલ્લા જોડાણો હાલોલ એમ.જી.વી.સી.એલ. ની બેદરકારી જણાવી રહ્યું છે. ચાંચડીયા ગામના ૧૫ પરિવારોના ઘરમાં છેલ્લા ૨૦ દિવસથી અંધેર પટ છવાઈ જતા ખેડૂત પરિવારોની મહિલાઓ મોંઘવારીના ભાવના તેલના ખડીયાના પ્રકાશ એ ઘર કામ કરતા મુશ્કેલીઓ વેઠવી પડે છે. હાલ ખેતી વાડીમાં ડાંગરનું ધરૂ તૈયાર થયું છે. પરંતુ વરસાદથી કયારા ભરાયા નથી. વીજળી હોય તો બોરમોટર થી ખેતરમાં પાણી ભરી ડાંગરની રોપની થઈ શકે તેમ છે. આમ વિજળીનો સપ્લાય બંધ થતા લોકો ને મુશ્કેલીઓ પડતી હોય છે.


અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

આઇ. એ. બલોચ

તરફથી અભીનંદન....

મુ. પાલ્લા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

આંબાખુટ વીઘ સ.મંડળી.લી.

તરફથી અભીનંદન....

મુ. આંબાખુટ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ખરોદ ગૃપ વાંસકામ ઉ.સહકારી મં.

તરફથી અભીનંદન....

મુ. ખરોદ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ